ગાંધીનગર સમાચાર

દેશની ૧૦૦ શ્રેષ્ઠ યુનિવર્સિટીઝમાં ગાંધીનગરની બે યુનિવર્સિટીઝ

પીડીપીયુ અને ગુજરાત સૅન્ટ્રલ યુનિવર્સિટીને રૅન્કિંગમાં આગળ

ગાંધીનગર, તા. ૯

માનવ સંસાધન મંત્રાલય (એમએચઆરડી)ના નેશનલ ઇન્સ્ટિટ્યૂશન રેન્કિંગ ફ્રેમ વર્ક દ્વારા સોમવારે યુનિવર્સિટીઓ, કોલેજો અને એન્જિનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ માટે નેશનલ રેન્કિંગ જાહેર કરાયું છે. જેમાં રાજ્યની ચાર યુનિવર્સિટીઝને સ્થાન મળ્યું છે. આ પૈકી બે યુનિવર્સિટીઝ- પંડિત દિનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી અને સૅન્ટ્રલ યુનિવર્સિટી - ગાંધીનગરમાં કાર્યરત છે.

માનવ સંસાધન મંત્રાલય (એમએચઆરડી) દ્વારા પ્રથમ વખત દેશની તમામ યુનિવર્સિટીઓનું એસેસમેન્ટ કરીને રેન્ક આપવાની જાહેરાત કરાઈ હતી. આ માટે યુનિવર્સિટીઓ પાસેથી અરજીઓ મંગાવાઈ હતી. સ્ટેટ, સરકારી, ડીમ્ડ સહિતની કુલ ૧૦૦ યુનિવર્સિટીએ અરજી કરી હતી. નેક એટલે કે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશનનું જોડાણ લીધું ન હોય તેવી યુનિવર્સિટીઓને અરજી નહીં કરવાની પણ તાકીદ કરાઈ હતી.એ પછી સોમવારે રેન્કિંગની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતમાંથી માત્ર ચાર યુનિવર્સિટીઓનો સમાવેશ કરાયો છે. ગાંધીનગરમાં આવેલી પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીનો રાજ્યમાં પ્રથમ ક્રમ આવ્યો છે. જોકે, દેશમાં આ યુનિવર્સિટી ૫૫મા ક્રમે આવી છે. આજ રીતે ગાંધીનગરની સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત રાજ્યમાં બીજા ક્રમે અને દેશમાં ૬૦મા નંબરે આવી છે. આ બન્ને પૈકી એક સરકારી યુનિવર્સિટી છે અને બીજી સેન્ટ્રલ યુનિવર્સિટી છે. ગુજરાત યુનિવર્સિટી દેશમાં ૭૩મા ક્રમે અને વડોદરાની એમ.એસ.યુનિવર્સિટી ૭૬મા ક્રમે આવી છે.

જોકે, સ્ટેટ યુનિવર્સિટીઝની ગણતરી કરીએ તો ગુજરાત યુનિવર્સિટી રાજ્યમાં પ્રથમ અને એમ.એમ.યુનિવર્સિટી રાજ્યમાં બીજા ક્રમે આવી છે. આમ, પ્રથમ નેશનલ રેન્કિંગમાં એમ.એસ. યુનિવર્સિટીએ વધુ રેન્ક મેળવ્યા છે.

રેન્કિંગ માટે યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા, પીએચડી ફેકલ્ટી, પી.જી. પ્રોગ્રામ, રિસર્ચ વર્ક, સ્ટુડન્ટ વર્ક, પબ્લિકેશન સહિતની વિગતો મગાઈ હતી. નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક દ્વારા યુનિવર્સિટી, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ અને ફાર્મસી એમ, ચાર કેટેગરીમાં અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં અંદાજે ૩૫૦૦ જેટલી અરજીઓ આવી હતી. માત્ર યુનિવર્સિટીઓમાં જ ૧૦૦ અરજીઓ આવી હતી. જે પૈકી ગુજરાતની ચાર યુનિવર્સિટીઓને રેન્કિંગ પ્રાપ્ત થયા હતા.

તસવીર : કશ્યપ નિમાવત

રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પતંજલિ યોગ સમિતિ દ્વારા શનિવારે ગાંધીનગર સ્વર્ણિમ પાર્ક ખાતે યોગ, પ્રાણાયામની નિ:શુલ્ક શિબિર યોજવામાં આવી હતી, જેમાં ૨૦૦ જેટલાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે પોલીસ ઇન્સપેક્ટર પી સી વાલેરાએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. યોગ શિક્ષક સરોજબેન ઠુમ્મરે યોગ, પ્રાણાયામની તાલીમ આપી તેના ફાયદા વિશે પણ તાલીમાર્થીઓને સમજ આપી હતી.

જન્મદિને વધામણી

ડો. પ્રણવ જોષીપુરા
વાઈસ પ્રિન્સિપાલ
ઉમાબા આર્ટ્સ કોલેજ,
ગાંધીનગર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૩

અનિલકુમાર એ ઠક્કર
એલઆઈસી એડવાઈઝર
મો. ૯૨૨૭૪ ૦૩૨૦૮

ઉષાબેન ક્રિશ્ચિયન
મો. ૯૦૯૯૩ ૪૫૪૦૯

દર્શનાબેન નવનીતલાલ પટેલ
મદદનીશ શિક્ષક, લીમ્બોદ્રા
પ્રાથમિક શાળા
મો. ૯૫૮૬૪ ૭૯૧૯૮

વનશ્રી નીલકંઠ વ્યાસ
મો. ૯૯૨૫૦ ૭૯૭૦૭

ગાંધીનગરની સંસ્તા 'વેણુ ભારતી'ના કલાકારોએ

મેઘાલયમાં રાસ દ્વારા ગુજરાતી સંસ્કૃતિની સુવાસ ફેલાવી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની વેણુ ભારતી સંસ્થાના કલાકારોએ મેઘાલયમાં ગુજરાતના ખ્યાત રાસની સુવાસ ફેલાવી છે.

તાજેતરમાં સાંસ્કૃતિક વિભાગ, ભારત સરકાર દ્વારા મેઘાલય ખાતે 'ડિસ્કવર નૉર્થ ઈસ્ટ-૨૦૧૬' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત તરફથી એકમાત્ર સંસ્થા 'વેણુ ભારતી'ની પસંદગી કરવામાં આવી હતી. સંસ્થાના કલાકારોએ માર્ચ માસના અંતિમ દિવસોમાં યોજાયેલા આ ફેસ્ટીવલમાં મેઘાલયના નોન્ગસ્ટોઈન, માઉથાડ્રેશન અને માઈરંગ જેવાં સુંદર સ્થળોએ ગુજરાતી લોકનૃત્યોની સુવાસ પ્રસરાવી હતી.

નીતિન દવેના નેતૃત્વમાં બિન્ની દવેની કોરિયોગ્રાફી કલાકારોએ સુંદર રીતે પરફોર્મ કરી બતાવી હતી. કલાકાર તરીકે મનોજ સોલંકી, દિવ્યેશ સોલંકી, યુગ પંડિત, શ્રેણિક દિપાંકર, દર્શના રાઠોડ, કરિશ્મા પાટડીયા, ધરતી વ્યાસ, ચાહના દવે અને જય દવે તથા વાદ્યકાર તરીકે રમેશ નાડિયા (ઢોલ), નરેશ સોલંકી (હાર્મોનિયમ) અને યોગેશ વાઘેલાએ આ કલા પ્રસ્તુતિમાં જોડાઈ ગાંધીનગર અને ગુજરાતનું નામ રોશન કર્યું હતું.

હૃદયના ઉભરાથી કાવ્ય બનતું નથી કાવ્ય એ તો આત્માની કલા છે

આનંદશંકર ધ્રુવની ૭૫મી પુણ્યતિથી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૯

પ્રશિષ્ટ સાહિત્યના મર્મજ્ઞ સારસ્વત આનંદશંકર ધ્રુવની ૭૫મી પુણ્યતિથી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચંદ્રકાન્ત શેઠે આનંદશંકરની સારસ્વત પ્રતિભા અંગે વિગતે વાત કરી હતી.

આ ઉપરાંત હેમંત દવેએ વિવેચના અને વિજય પંડ્યાએ જાગ્રત ચિંતક જેવાં પાસાઓ અંગે વાત કરી હતી. આનંદશંકર ધ્રુવની પ્રતિભા વિશે વાત કરતાં ચંદ્રકાન્ત શેઠે જણાવ્યું કે, 'ગાંધીજી અને આનંદશંકરની ઘણી વાતોમાં મૂળભૂત તત્ત્વોની દૃષ્ટિએ સમાનતા જણાય છે. આનંદશંકર ભલે રાજનિતીમાં ન ગયા પણ ગાંધીજીએ જરૂર પડે ત્યારે તેમની મદદ તો લીધી જ હતી. ગાંધીજીએ તેમની વહીવટી કુશળતા અને સાહિત્યના ઊંડા અભ્યાસની લાયકાતને આધારે તેમને બનારસ હિન્દુ યુનિવર્સિટીના પ્રોદ-વાઈસ ચાન્સેલર પદ માટે મોકલ્યા હતા.

આનંદશંકરની વિવેચના મુદ્દે વાત કરતાં હેમંત દવેએ જણાવ્યું હતું કે, 'આનંદશંકર વડ્ર્સવર્થની કાવ્ય પરંપરાથી પ્રભાવિત છે. પરંતુ તેઓ કહે છે કે, હૃદયના ઉભરાથી કાવ્ય બનતું નથી. કાવ્ય એ આત્માની કલા છે. આ વાતનું તેમણે વારંવાર વિવિધ લેખો અને વ્યાખ્યાનોમાં પુનરાવર્તન કર્યું છે.

આઈઆઈડી દ્વારા તૈયાર કરવામાં આવેલા ડિઝાઈન પ્રૉજેક્ટના પ્રદર્શનનો પ્રારંભ

પ્રદર્શન રવિવારે સવારે ૧૨થી સાંજે ૮ વાગ્યા દરમ્યાન હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સૅન્ટર, યુનિ. રોડ, અમદાવાદ ખાતે નિહાળી શકાશે

ગાંધીનગર, તા. ૯

ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા ડિઝાઈન પ્રૉજેક્ટના બે દિવસીય પ્રદર્શનનો પ્રારંભ આજથી અમદાવાદ શહેર ખાતે કરવામાં આવ્યો છે. પ્રદર્શન રવિવારે સવારે ૧૨થી સાંજે ૮ વાગ્યા સુધી હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સૅન્ટર, યુનિવર્સિટી રોડ, અમદાવાદ ખાતે નિહાળી શકાશે.

ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદ સ્થિત આંતરરાષ્ટ્રીય જોડાણ ધરાવતી અને પ્રૅક્ટિકલ અને પ્રૉફેશનલ ટ્રેનીંગ આપતી ડિઝાઈનીંગ ક્ષેત્રની એક અગ્રણી સંસ્થા છે.

નેશનલ ડિઝાઈન કાઉન્સીલના પ્રમુખ સ્નેહલ મહેતા જણાવે છે કે સંસ્થા છેલ્લાં ૧૧ વર્ષથી કાર્યરત છે અને અહીં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ તાલીમ મેળવીને પોતાની કારકિર્દી બનાવી છે. આઈઆઈડી દ્વારા તેમને ૧૦૦ ટકા જૉબ પ્લેસમૅન્ટ અને બિઝનેસ પ્રૉફાઈલ મળી છે.

આજે આઈઆઈડી દ્વારા ભારતમાં સૌપ્રથમવાર ઈન્ટીરિયરની ક્રિએટીવ પ્રૉડક્ટ્સના પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રદર્શનની ખાસિયત એ છે કે તે અંતર્ગત પ્રૉડક્ટ ડિઝાઈનથી લઈને તેને બનાવવા સુધીની સમગ્ર પ્રક્રિયાનું પ્રેઝન્ટેશન વિડીયો સાથે દર્શાવવામાં આવી રહ્યું છે.

પ્રદર્શન બાદ સંબંધિત પ્રૉડક્ટની પૅટન્ટ વિદ્યાર્થીઓના નામે રજિસ્ટર કરાવવામાં આવશે અને ત્યારબાદ તેને માર્કેટમાં મૂકવામાં આવશે.

વડોદરામાં ૨૩ એપ્રિલે જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૯

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩ એપ્રિલના રોજ ઉર્મિ વિદ્યાલય, સમા બ્રિજ પાસે, વડોદરા ખાતે ૪૬મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાઈ રહ્યું છે.

આ સંમેલનમાં જોડાવા હેતુ ફોર્મ મેળવવા માટે અશોકભાઈ જોષી (મો. ૯૪૨૮૧ ૬૭૯૨૬), ચંદ્રેશ ક્ષોત્રીય, રાકેશ ઠાકોર, હાર્દિક વ્યાસનો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ અંગેની વધુ માહિતી માટે ઈશ્વરભાઈ દવે (મો. ૯૩૭૬૨ ૩૩૮૧૧)નો સંપર્ક સાધવા પણ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આશીર્વાદ ઍજ્યુકેશન ટ્રસ્ટ અને ઍચસીજી હૉસ્પિટલ દ્વારા વિનામૂલ્યે રોગનિદાન કૅમ્પ

નિદાન કરાવનાર લાભાર્થીઓને ઈસીજી, બ્લડશ્યુગર, બ્લડપ્રેશર, ટુડી ઈકો અને મૅડિકલ ટેસ્ટની સેવાઓનો લાભ વિનામૂલ્યે આપવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૯

આશીર્વાદ ઍજ્યુકેશન ટ્રસ્ટની મૅડિકલ વિંગ અને ઍચસીજી હૉસ્પિટલ દ્વારા તાજેતરમાં વિનામૂલ્યે હૃદયરોગોના નિદાન માટે કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ ૧૨૦ જેટલા નાગરિકોએ લીધો હતો.

આ કૅમ્પમાં હૃદય રોગોની તપાસ જેવી કે છાતીમાં દુખાવો, હૃદયનું પહોળું થવું, વાલ્વની તકલીફ, બાળકોના હૃદયમાં કાણું પડવું વગેરે વિખ્યાત કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીક સર્જન ડૉ. ભૂપેશ ડી શાહ અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા કરવામાં આવી હતી.

આ કૅમ્પમાં નિદાન કરાવનાર લાભાર્થીઓને ઈસીજી, બ્લડશ્યુગર, બ્લડપ્રેશર, ટુડી ઈકો અને મૅડિકલ ટેસ્ટની સેવાઓનો લાભ વિનામૂલ્યે આપવામાં આવ્યો હતો.

'લવ ગેઈમ્સ' નહીં, 'લસ્ટ ગેઈમ્સ' : વહાલ, વાસના અને વેરઝેરવાળી તનોરંજન ફિલ્મ

રિયલ વ્યુ
હિરેન ભટ્ટ

ભટ્ટ કેમ્પની મહેશ-મુકેશ અને વિક્રમ ભટ્ટની-વિશેષ ફિલ્મ્સની ફિલ્મ ખરેખર 'વિશેષ' હોય ...! 'વિશેષ'ની ફિલ્મ્સ એટલે વહાલ-વાસના અને વેર. એમાં વળી હૉરર અને સેક્સના એક્સપર્ટ વિક્રમ ભટ્ટનો પાંચમો 'વી' ઉમેરાય પછી સાદા સીધા પ્રેક્ષકો 'વધેરાયે' જ છૂટકો !!! 'જંગલબૂક'ની સાથે આ શુક્રવારે વિક્રમ ભટ્ટ 'લવ ગેઈમ્સ' લઈને આવ્યા છે, જે મહાનગરોમાં મહાન ઘરોમાં જોવા મળતી 'મંગલ ભૂખ'ની ફિલ્મ છે. એક સ્ત્રી પોતાના તનની ભૂખ ભાંગવા કેટલાં હૈયાં અને કેટલાં ઘર ભાંગી શકે છે, અને કઈ હદે જઈ શકે છે એ જ માત્ર 'વિશેષ' સ્વરૂપે આ ફિલ્મમાં દર્શાવાયું છે.

વર્ષ-૨૦૧૪માં હંસલ મહેતાની ફિલ્મ 'સિટી લાઈટ્સ' આવી હતી. આ ફિલ્મથી હિન્દી ફિલ્મોમાં કારકિર્દીની શરૂઆત કરનાર શિલોંગ-મેઘાલયની પત્રલેખા પૌલ, મોડેલ ગૌરવ અરોરા અને તેલુગુ ફિલ્મોમાં સફળ રહેલી મહારાષ્ટ્રીયન અભિનેત્રી તારા આલીશા બેરીને મુખ્ય ભૂમિકામાં રજૂ કરતી દિગ્દર્શક-લેખક વિક્રમ ભટ્ટની ફિલ્મ 'લવ ગેઈમ્સ'માં લવ તો માત્ર નામ પુરતો છે. આમ તો 'લસ્ટ ગેઈમ્સ'નું જ નિરૂપણ છે.

વહાલમાં વાસના મધ્યબિંદુ બની જાય તો વહાલનું સ્થાન વેરઝેર લઈ લે છે. 'લવ ગેઈમ્સ'નું મુખ્યપાત્ર પત્રલેખા-રમોલા રાયચંદ છે. પ્રૌઢ પતિની યુવાન પરિણીતા પત્રલેખાને ધનાઢ્ય યુવાન નબીરા ગૌરવ અરોરા સાથે માત્ર વાસનાના સંબંધો છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદતા માટે તે પોતાના પ્રૌઢ પતિની હત્યા પણ કરી કયારેય નથી કર્યો એવો આ યુવાન સંવેદનાના અહેસાસ માટે પોતાના શરીર પર સ્વયં જ તીક્ષ્ણ ઈજાઓ પહોંચાડે છે... અને એ લોહીલુહાણ પળો જ માત્ર જીવન છે. એવી અનુભૂતિ કરે છે... કેટલું 'વિશેષ' !!!

લસ્ટથી પણ ત્રસ્ત થઈ ગયેલો આ યુવાન જીવનના સાચા આનંદની શોધમાં છે. આવા યુવાનને પત્રલેખા જેવી સ્ત્રીની જ સલાહ ગળે ઉતરે એ સ્વાભાવિક જ છે. જીવનમાં એક્સાઈટમેન્ટ-થ્રીલ-આનંદ માટે પત્રલેખા 'લવ ગેઈમ' શિખવાડે છે. પ્રેમની આ રમત એવી છે કે, પત્રલેખા અને ગૌરવ અરોરાએ પેજ-થ્રી પાર્ટીઝમાં જવાનું, એ પાર્ટીમાં જે સૌથી વધુ પ્રેમાળ દંપતિ દેખાતું હોય તેને નિશાન બનાવવાનું. પરસ્પર પ્રેમમાં એકાકાર દેખાતા દંપતિ પૈકીના પુરૂષને પત્રલેખા પટાવે અને સ્ત્રીને શય્યા સુધી લઈ જવાનો પ્રયત્ન ગૌરવ અરોરા કરે. પત્રલેખા અને ગૌરવ અરોરા બન્નેમાંથી જે પહેલું અન્ય પાત્ર સાથે પથારી સુધી પહોંચે તે જીત્યું...!!! અને હા, એ પોતાની 'જીત'ની સાબિતીની વિડિયો ક્લિપ ઉતારવાની અને સાબિતી તરીકે બીજા ખેલાડીને તરત જ મોકલી દેવાની... આને કહેવાય 'વિશેષ'રમત !!!

આવી 'વિશેષ' રમત રમી-રમીને પણ આપણો હિરો-ગૌરવ અરોરા હરોરી જાય છે ! કંટાળી જાય છે, ત્યારે ફરી તેના મનોચિકિત્સક કહે છે કે, ભાઈ પથારીથી તો પથારી જ ફરશે... પ્રેમ કર. ગૌરવ અરોરા 'લવ ગેઈમ્સ'ના એક વધુ દાવમાં શહેરના મશહુર ક્રિમિનલ લૉયરની ડૉકટર-સર્જન પત્ની તારા આલીશા બેરીના સંપર્કમાં આવે છે અને પ્રેમમાં પડે છે. પતિના ઉત્પિડનથી ભયભીત ડૉકટર-સર્જન પત્ની પણ ગૌરવ અરોરાના પ્રેમમાં પડે છે...અને એમ બન્ને પાછા પથારી સુધી પહોંચે છે !!! પ્રેમની 'વિશેષ' પધ્ધતિ !!!

પરિસ્થિતિ વધુ વણસે છે... કોકડું અને વ્યકિતઓ વધુ ગુંચવાય છે... સિનેમાહૉલમાં બેઠેલા રડ્યાં-ખડ્યાં પ્રેક્ષકો પણ વધુ મુંઝાય છે. હવે શું ? પત્રલેખા કોઈપણ સંજોગોમાં ગૌરવ અરોરાને નહીં છોડે... ગૌરવ અરોરા પત્રલેખાને છોડીને પરણિત સ્ત્રી તારા બેરી પાસે જવા ઈચ્છે છે. તારા બેરી પોતાના ક્રિમિનલ લૉયર પતિથી ભયભીત છે, અને એ ક્રિમિનલ લૉયર પતિ પાછો પત્રલેખાની પથારીમાં છે !!! 'વિશેષ' વણસે લી પરિસ્થિતિમાં પ્રેક્ષકોની વિમાસણ પણ 'વિશેષ' છે...!!!

છેલ્લે વિક્રમ ભટ્ટ મારી-મચડીને લાકડે માકડું વળગાડે છે... જાતે જ સર્જેલા ગુંચવાડા તેને પોતાને ઠીક અને યોગ્ય લાગે એમ ઉકેલે છે...અને સમાજને સંદેશો આપે છે કે, 'ભાઈઓ અને બહેનો, એકમેકના ન થઈ શકેલા પ્રેમીઓ જમાનાથી પરેશાન થઈને આત્મહત્યા કરી લે એ જમાનો ગયો, હવે તો પ્રેમીઓ પોતાને પરેશાન કરનાર કોઈની પણ, કેટલાયની પણ હત્યા કરીને સુખના સૂર્ય પર સુખ-ચૈનથી જીવી શકે છે...'

'વિશેષ' સંદેશો !!!

આ ફિલ્મ જોતાં સામાન્ય પ્રેક્ષકોના કુમળા મનમાં એવો તો વિચાર ચોક્કસ આવે કે, મહાનગરોમાં મહાન ઘરોમાં મહિલાઓ અને પુરૂષો ખરેખર આવા હશે ? આ ફિલ્મ સ્ટ્રીકલી એડલ્ટ્સ માટે જ છે. જો તમે મનથી પણ ૧૮ વર્ષથી નાના હો-આપનું દિલ બચ્ચા હોય જી તો આ ફિલ્મ આપના માટે બિલકુલ નથી. હા, આપ મન અને હૃદયથી પુખ્તની સાથોસાથ સપ્ત હો તો વાત અલગ છે.

કેટલીક ફિલ્મો મનોમંથન માટેની ફિલ્મો હોય છે. કેટલીક ફિલ્મો માત્ર મનોરંજન માટેની હોય છે, અને કેટલીક આવી ફિલ્મો માત્ર તનોરંજન માટેની જ હોય છે....!

ભટ્ટ કેમ્પે આ પહેલાં જહોન અબ્રાહમ અને ઈમરાન હાશ્મી જેવા હોનહાર અને 'વિશેષ' અભિનેતાઓ આ ફિલ્મ જગતને આપ્યા છે. ગૌરવ અરોરા એક મોડેલ છે. એમ.ટી.વી.ના શૉ-સ્પ્લીટ્સવીલાનો સ્પર્ધક ગૌરવ અરોરા ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ભટ્ટની 'વિશેષ' ભેટ છે. માણસ પથારીમાંથી ઉભો થઈ જાય એવી હોરર અને પથારી ભેગો થઈ જાય એવી 'વિશેષ' ફિલ્મો બનાવવામાં જેનો વિક્રમ છે એવા આ ભટ્ટે 'લવ ગેઈમ્સ' ના નામે પ્રેક્ષકોની 'ગેઈમ' કરી નાખી છે.

પ્રેક્ષકનું સુખ-ચૈન, સંવેદના, સઘળું લઈ લેતી આ ફિલ્મમાં કંઈ જ લેવાનું નથી. આવી 'અમંગલ ભૂખ' જેવી ફિલ્મ જોવી એના કરતાં બાળકો સાથે બાળક થઈને 'જંગલબૂક' જોઈ આવવી સારી...!!! વરના 'સરદાર ગબ્બરસિંઘ' આ જાયેગા !!!